# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 04.06.2026** **MORNING: 7.45 TO 7.55**
**Day: THURSDAY** **National News**

આકાશવાણી સમાચાર **જયેશ વેગડા** વાંચે છે.

*************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે નવી દિલ્હીમાં વેનેઝુએલાના કાર્યકારી રાષ્ટ્રપતિ ડેલ્સી રોડ્રિગ્ઝ સાથે દ્વિપક્ષીય ચર્ચા કરશે.

2) યુકેના વિદેશ અને કોમનવેલ્થ બાબતોના મંત્રી યવેટ કૂપર સત્તાવાર મુલાકાતે નવી દિલ્હી પહોંચ્યા - આજે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સાથે મુલાકાત કરશે.

3) કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજે શિલોંગમાં ઉત્તર પૂર્વીય પરિષદના 73મા પૂર્ણ સત્રની અધ્યક્ષતા કરશે.

4) બ્રિક્સ સંસ્કૃતિ કાર્ય સમૂહની બીજી બેઠક આજથી વારાણસીમાં શરૂ થશે.

5) નવી દિલ્હીના માલવિયા નગરમાં એક હોટલમાં લાગેલી આગમાં નવ ભારતીય અને 12 વિદેશી નાગરિકો સહિત 21ના મોત.

6) ગુજરાતના અમદાવાદમાં આજથી પ્રથમ વિશ્વ યોગાસન ચેમ્પિયનશિપનો આરંભ - પ્રધાનમંત્રી વિડીયો કોન્ફરન્સિંગ દ્વારા આ કાર્યક્રમમાં જોડાશે.

...............................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

## PM - VENEZUELA PREZ TALKS

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે નવી દિલ્હીમાં વેનેઝુએલાના કાર્યકારી રાષ્ટ્રપતિ ડેલ્સી રોડ્રિગ્ઝ સાથે દ્વિપક્ષીય ચર્ચા કરશે.

એક અહેવાલ સાંભળીએ.........

VC – અજીત

ઉલ્લેખનીય છે કે ડેલ્સી રોડ્રિગ્ઝ ગઈકાલે ભારતની પાંચ દિવસની મુલાકાતે નવી દિલ્હી પહોંચ્યા હતા. તેમની સાથે એક ઉચ્ચ સ્તરીય પ્રતિનિધિમંડળ પણ છે. અગાઉ તેમણે 2015માં વિદેશ મંત્રી તરીકે અને 2019, 2023, 2024 અને 2025માં ઉપરાષ્ટ્રપતિ તરીકે ભારતની મુલાકાત લીધી હતી.

## UK SECY OF STATE - INDIA VISIT

યુકેના વિદેશ અને કોમનવેલ્થ બાબતોના મંત્રી યવેટ કૂપર ગઈકાલે રાત્રે બે દિવસની સત્તાવાર મુલાકાતે નવી દિલ્હી પહોંચ્યા હતા. શ્રીમતી કૂપર આજે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સાથે મુલાકાત કરશે.

તેઓ આજે સાંજે વિદેશમંત્રી ડૉ. એસ. જયશંકર સાથે પણ મુલાકાત કરશે. વિદેશ મંત્રાલયે જણાવ્યું કે તેમની મુલાકાત ભારત-યુકે વ્યાપક વ્યૂહાત્મક ભાગીદારીને વધુ મજબૂત બનાવવાની તક પૂરી પાડશે.

# JAISHANKAR-LAO PDR FM

વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકર અને લાઓસના નાયબ પ્રધાનમંત્રી અને વિદેશ મંત્રી થોંગસાવન ફોમવિહાનેએ નવી દિલ્હીમાં યોજાયેલી ભારત-લાઓસ સંયુક્ત આયોગની 10મી બેઠકની સહ-અધ્યક્ષતા કરી હતી. આ બેઠકમાં વેપાર, રોકાણ, આરોગ્ય, ઉર્જા, ડિજિટલ કનેક્ટિવિટી, વિકાસ ભાગીદારી અને સંસ્કૃતિ સહિત વિવિધ ક્ષેત્રોમાં સહયોગ વધારવાની ચર્ચા કરવામાં આવી હતી.

ડૉ. જયશંકરે જણાવ્યું કે ભારત અને લાઓસ બૌદ્ધ ધર્મ અને રામાયણના સહિયારા વારસાના આધારે ઊંડા સભ્યતા સંબંધો ધરાવે છે. તેમણે જણાવ્યું હતું કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની 2024માં લાઓસની મુલાકાત દરમિયાન થયેલા કરારોની સમીક્ષા કરવા અને સહકારના નવા ક્ષેત્રો પર વિચાર કરવાની આ એક સારી તક છે.

લાઓસના વિદેશમંત્રીએ જણાવ્યું હતું કે આ બેઠક દ્વિપક્ષીય સહયોગની પ્રગતિની સમીક્ષા કરવા અને બંને દેશો વચ્ચેના સાત દાયકા જૂના મૈત્રીપૂર્ણ સંબંધોને વધુ મજબૂત બનાવવા માટે એક મહત્વપૂર્ણ તક છે.

# AMIT SHAH - TRIPURA VISIT

ગૃહમંત્રી અમિત શાહ આજે સાંજે ત્રિપુરાની બે દિવસની મુલાકાતે અગરતલા પહોંચશે. મુલાકાત દરમિયાન તેઓ પુષ્પવંત પેલેસ હોટલનો શિલાન્યાસ કરશે અને લંકામુરામાં સરહદ સુરક્ષા દળ આઉટપોસ્ટની મુલાકાત લેશે.

શ્રી શાહ રાજ્ય અને કેન્દ્રીય સુરક્ષા અધિકારીઓ સાથે ઉચ્ચ સ્તરીય બેઠક પણ કરશે. તેમની મુલાકાતને ધ્યાનમાં રાખી રાજ્ય સરકારે વહીવટી અને સુરક્ષા બાબતો પર ઉચ્ચ સ્તરીય બેઠકનું આયોજન કર્યું હતું.

## NORTH EASTERN COUNCIL MEETING

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજે મેઘાલયના શિલોંગમાં ઉત્તર પૂર્વીય પરિષદના 73મા પૂર્ણ સત્રની અધ્યક્ષતા કરશે. આ બેઠકમાં ઉત્તર પૂર્વીય ક્ષેત્રના વિકાસને લગતા વિવિધ મુદ્દાઓ અને પ્રોજેક્ટ્સની પ્રગતિની સમીક્ષા કરવામાં આવશે.

પ્રવાસન કૃષિ અને બાગાયત, રોકાણ, રમતગમત, માળખાગત સુવિધા, કનેક્ટિવિટી અને હસ્તકલા જેવા ક્ષેત્રોની ચર્ચા કરવામાં આવશે. ઉત્તર પૂર્વીય ક્ષેત્રના સર્વાંગી વિકાસ માટે તૈયાર કરવામાં આવી રહેલા ઉત્તર પૂર્વ વિઝન પ્લાન 2047 પર પણ ચર્ચા કરવામાં આવશે.

આ બેઠકમાં ઉત્તર પૂર્વીય ક્ષેત્રના વિકાસ મંત્રી જ્યોતિરાદિત્ય સિંધિયા, રાજ્યમંત્રી સુકાંત મજુમદાર, આઠ પૂર્વીય રાજ્યોના રાજ્યપાલો અને મુખ્યમંત્રીઓ, ઉત્તર પૂર્વીય પરિષદના સભ્યો અને કેન્દ્ર અને રાજ્ય સરકારના વરિષ્ઠ અધિકારીઓ હાજર રહેશે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . . .

## VARANASI - BRICS MEETING

**બ્રિક્સ સંસ્કૃતિ કાર્ય સમૂહની બીજી બેઠક આજથી પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના સંસદીય મતવિસ્તાર વારાણસીમાં શરૂ થશે. બે દિવસીય બેઠકમાં ચીન, બ્રાઝિલ, ઇજિપ્ત, ઇથોપિયા અને ઇન્ડોનેશિયા સહિત 11 દેશોના પ્રતિનિધિઓ ભાગ લેશે.**

**એક અહેવાલ સાંભળીએ..**

## VC- સુશીલ તિવારી

# DELHI POLICE - FIRE INCIDENT

નવી દિલ્હીના માલવિયા નગરમાં એક હોટલમાં લાગેલી આગમાં 21 લોકોના મોત થયા. દિલ્હી પોલીસે જણાવ્યું હતું કે મૃતકોમાં નવ ભારતીય અને 12 વિદેશી નાગરિકોનો સમાવેશ થાય છે. પોલીસે કેસ નોંધીને બિલ્ડિંગના માલિક લવેકેશ બજાજની અટકાયત કરી છે. દરમિયાન દિલ્હી સરકારે મેજિસ્ટ્રેટ તપાસનો આદેશ આપ્યો છે.

અમારા સંવાદદાતાનો અહેવાલ સાંભળીએ.........

**VC – અનુપમ મિશ્ર**

# IMD-WEATHER

હવામાન વિભાગે આજે કેરળ અને માહેમાં ભારે વરસાદ માટે ઓરેન્જ એલર્ટ જારી કર્યું છે. આંદામાન અને નિકોબાર ટાપુઓ, અરુણાચલ પ્રદેશ, આસામ, મેઘાલય, કર્ણાટક, કોંકણ અને ગોવા, લક્ષદ્વીપ, પશ્ચિમ બંગાળના તરાઈ પ્રદેશ, સિક્કિમ, તમિલનાડુ, પુડુચેરી અને ઉત્તરાખંડમાં પણ દિવસભર વરસાદની આગાહી છે.

પૂર્વી રાજસ્થાન, હિમાચલ પ્રદેશ, જમ્મુ અને કાશ્મીર, લદ્દાખ, મધ્યપ્રદેશના કેટલાક ભાગો અને ઉત્તરાખંડમાં આજે વાવાઝોડા અને કરા પડવાની આગાહી છે. દિલ્હી, હરિયાણા, ચંદીગઢ, પંજાબ, રાજસ્થાન, તેલંગાણા અને વિદર્ભમાં હળવો વરસાદ અને ગાજવીજ સાથે વરસાદ પડી શકે છે, જ્યારે પશ્ચિમ રાજસ્થાનના

કેટલાક ભાગોમાં ધૂળની આંધી આવવાની આગાહી છે. નાગાલેન્ડ, મણિપુર, મિઝોરમ, ત્રિપુરા અને ઓડિશામાં આજે ગરમ અને ભેજવાળું હવામાન રહેશે.

## FUR. REV. PM - YOGASANA

ગુજરાતના અમદાવાદમાં આજથી પ્રથમ વિશ્વ યોગાસન ચેમ્પિયનશિપનો આરંભ થઈ રહ્યો છે. પાંચ દિવસીય આ કાર્યક્રમમાં યુનાઇટેડ સ્ટેટ્સ, જાપાન, નેધરલેન્ડ્સ, ઓમાન, મોરેશિયસ, યુગાન્ડા, ઝામ્બિયા, શ્રીલંકા, નેપાળ અને કેન્યા સહિત 70 થી વધુ દેશોના 500 થી વધુ રમતવીરો ભાગ લેશે.

અમારા સંવાદદાતા અપર્ણા ખૂંટનો અહેવાલ સાંભળીએ.....

### VC – અપર્ણા ખૂંટ

ઉલ્લેખનીય છે કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે સાંજે લગભગ છ વાગીને 40 મિનિટે વિડીયો કોન્ફરન્સિંગ દ્વારા આ કાર્યક્રમમાં જોડાશે.

સોશિયલ મીડિયા પોસ્ટમાં પ્રધાનમંત્રીએ કહ્યું કે યોગ વિશ્વભરમાં ઝડપથી લોકપ્રિયતા મેળવી રહ્યો છે. આ સ્પર્ધાએ વિશ્વભરના યોગ ઉત્સાહીઓને એકસાથે લાવ્યા છે. તેમણે આ કાર્યક્રમને યોગની વૈશ્વિક રમતના વિકાસમાં એક મહત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ ગણાવ્યો અને આયોજકો અને સહભાગીઓને અભિનંદન આપ્યા.

# આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે હેમાંગીની સોનારા

1. સંદેશ પ્રથમ પાને લખે છે ટ્રમ્પની ભારત સહિત 60 દેશ ઉપર નવા ટેરિફની તૈયારી... દિલ્હીની હોટેલમાં ભીષણ આગ, 21 લોકોના મોત
2. દિવ્ય ભાસ્કરની હેડલાઈનમાં દિલ્હી આગની ઘટના છે..
3. ગુજરાત સમાચાર લખે છે ટ્રમ્પને શૂરાતન ચઢ્યું : ભારત પર 12.5 ટકા ટેરિફની તલવાર.
4. ફુલછાબ લખે છે એરલાઇન્સ માટે 10 હજાર કરોડનું **ATF** ફંડ મંજૂર. અને ગુજરાત સરકારના કર્મચારીને મોંઘવારી ભથથા માં વધારો, બાકી રકમ પણ મળશે.
5. ધ ઇંડિયન એક્સપ્રેસ તેના પ્રથમ પાને લખે છે વર્લ્ડ કપ જીત્યાના 3 મહિના પછી સૂર્યકુમારને **T**20 કેપ્ટન પદેથી હટાવવામાં આવ્યા, ટીમમાં તેમનું સ્થાન પણ ગુમાવી શકે છે
6. સ્થાનિક સમાચારો પર નજર કરીએ તો ઓપરેશન ડેલ્ટા હંટ અંતર્ગત અમદાવાદમા 166 બાંગ્લાદેશી સહિત 300 થી વધુની અટકાયત.
7. સૌરાષ્ટ્રમાં કરા પડ્યા અને મધ્ય ગુજરાતમાં ગાજવીજ સાથે વરસાદ વરસ્યો